# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કકળાટ કાં કરો કેજરી! માંડ મોકો આયો છે
'ચૂંટણી-ભંડોળ' - ગુજરાત મજબૂત પાયો છે,
ફાળ્યો છે સોદો 'ગૌચરનો' એથી સ્તો સરકારને -
કે ઉદ્યોગપતિઓ અમારી દૂઝણી ગાયો જ છે!!
(ગૌચરની જમીન 'સરકારી' છે)
- નારાયણ કી જય..

## હાઈકુ

ભાંગ્યા કરે છે
ગોળ કુલડીમાં જ -
નારાજ જૂથ!

અમરેલી જ ને
'સાંગાઇ' સાંધાણીએ
બનાવી દીધું!!

## ચિંતન

ન પ્રાપ્યમભિવાંછન્તિ નષ્ટં નેચ્છન્તિ શોચિતુમ ।
આપત્સુ ચ ન મુહન્તિ નરાઃ પંડિત બુધ્ધયઃ ॥

'ડાહ્યા માણસો, જે વસ્તુ પ્રાપ્ત થઇ જ ન શકે એવી બાબતનો લોભ રાખી ઇચ્છા કરતા જ નથી, અને જે વસ્તુ નષ્ટ થઇ છે. નાશ પામી ગઇ છે. તૂટી-ફૂટી ગઇ છે, તેના વિશે શોક-દુઃખ પણ કરતા નથી. સુખમાં તટસ્થ રહે છે. દુઃખમાં હારી જઇ મૂંઝાઇ જતાં નથી.'

જિંદગીમાં સુખ-દુઃખ, હતાશા-નિરાશા, દબાણ-ડિપ્રેશન, જે કંઇ આવે છે તેના મૂળ કારણમાં આપણું ચંચળ મન છે. મનની એવી કામનાઓ હોય છે જે આત્માથી, શરીરની સંતોષી શકાય એવી હોય જ નહીં આશા-અપેક્ષા-ઇચ્છાઓ નવરું બેઠું મન વિચારીને કલ્પના ના કિલ્લા ચણે છે પણ નથી સાધના - કે નથી સામગ્રી..

ચંદ્ર પર પગ મૂકવો, વિદેશ પ્રવાસ વગેરે સામાન્ય, મધ્યમ-માર્ગ, માણસની પહોંચ બહારની વાત છે, પોતાનાં રૂપ-કુળ-ધન--સંસ્કારની મર્યાદાથી વધારે ઇચ્છા સાખવી એ અર્થ વગરનું છે. કોલેજીયન, કેટરીનાની કલ્પના કરે કેટલું વાજબી?

બુધ્ધિમાન વ્યવહારની વાસ્તવિક પરિસ્થિતિ પ્રમાણે જ પગલાં ભરે છે. અશક્ય અપ્રાપ્યની અપેક્ષા જ શા માટે રાખવી?

## સુવિચાર

- જુદા જુદા ધર્મોનું અધ્યયન કર્યા પછી હું એ નિર્ણય પર આવ્યો છું કે બધા ધર્મોનું એકીકરણ જરૂરી છે અને તેની એક મહાચાવી તે સત્ય અને અહિંસા- **ગાંધીજી**
- ધંધો ચલાવો જરૂર પણ ધંધો તમને ન ચલાવે એટલી જાગૃતિ રાખજો- **ફ્રેંકલિન**
- ઇચ્છાઓમાંથી મૂક્ત થવું તે જ્ઞાન - **સ્વામી રામતીર્થ**
- મૂખમાં મધ એ હૈયામાં હળાહળ એ ધૂર્ત - **બર્કલે**
- જેની પાસે ધૈર્ય રૂપી ધન નથી તે નિર્ધન જ છે - **લબક**
- ધીરજવાન પોતાનાં બધાં જ ધારેલાં કાર્યો પાર પાડે છે - **ફ્રેંકલીન**
- નમ્રતા તમામ સદગુણોનો પાયો છે - **કંફ્યુશિયસ**

## બોધ કથા

પ્રવેશોત્સવ પૂરો થયો. વરસાદના ઠેકાણાં નથી વનમહોત્સવની ફાઇલો અટવાઇ ગઇ છે. ચૂંટણીની ચિંતામાં રાજા નવરો હતો. કેબીનેટમાં ચર્ચાનાં મુદ્દા ન હતા. જાહેરાતોના ફૂગ્ગામાંથી વિરોધ પક્ષો હવા કાઢી નાખે છે. રાજાએ ચાર પ્રશ્ન પૂછ્યા. એક, છે અને છે, બીજું, છે અને નથી. ત્રીજું, નથી અને છે, ચોથું - નથી ને નથી..

આ ચાર બાબત કઇ! મને જવાબ આપો.. બીજા પ્રધાનો પંચોની તપાસ અને આરટીઆઇમાં અટવાયા હતા. તેથી જવાબ દઇ ન શક્યા. એક ડાયરાવાળા સંસદ મીટીંગમાં હાજર હતા. એણે કહ્યું સાહેબ હું જવાબ આપું? રાજાએ માથું હલાવી હા પાડી.

રૂપાળા એવા સાંસદે જવાબ શરૂ કર્યો. એક - આ ધર્મિષ્ઠ ધનવાન શેઠ એની પાસે પરિશ્રમનો પૈસો છે. દાન પુણ્ય કરે છે ને આવતે ભવે પણ ધનવાન રહેશે. છે અને છે.

બીજું વેશ્યા - બીજું છે અને નથી આ ભવે પૈસા છે - એ પાપનો છે આવતે ભવે નહી મળે.

ત્રીજું સાધુ આ ભવે નથી પણ આવતે ભવે તેનું તપ ફળશે એટલે નથી - અને છે.

ચોથું ભિક્ષુક, આ ભવે ગરીબ અને પાપકર્મો કરે છે. તેથી આવતે ભવે પણ ગરીબ નથી - ને નથી.

રાજાને કેબીનેટમાં જ ધર્મલાભ થઇ ગયો.

# રાજકીય 'ઍંટિક્સ' નો રાષ્ટ્રપ્રમુખ ભવનમાં પ્રવેશ ગુજરાતનો કાયમી વિવાહ 'ગણતરી'ની સાથે થયેલો છે... પ્રોફેસર સાહેબો, સારા શિક્ષક બનો ને?



## મારી નજરે

- વિષ્ણુ પંડ્યા

### કોણ જાણે!!

પ્રણવ મુખરજી આપણા રાજકારણનું ''ઍંટીક્સ'' - (જૂની પુરાણી ઐતિહાસિક ચીજ) છે. આવું આપણે નહીં કહેતા, તેમણે પોતે જ કહ્યું હતું.

તેમના મિત્રો, દુશ્મનો અને પ્રચ્છન્ન દુશ્મનોએ ભેગા મળીને તેમને ભારતના સર્વોચ્ચ પદે બેસાડીને 'અવશેષ' નો આદર કરવાનું નક્કી કરી લીધું છે. કેટલાકે એવો મત વ્યક્ત કર્યા છે કે ભાજપ - એનડીએ આ પદ માટે લાલકૃષ્ણ અડવાણીને ઊભા રાખી શક્યા હોત. પણ તેમને આશંકા હતી કે અડવાણીએ ઉમેદવાર થવાનું સ્વીકાર્યું હોત કે કેમ? તેમને 'ઍંટીક્સ' થવાની પોતાની જરીકે ય ઈચ્છા નથી, ન તેમનાં પત્ની-પુત્રી એવું ઈચ્છે છે, અને બીજું, એનડીએ અડવાણીને ઉમેદવાર બનાવ્યા હોત તો યુપીએ તેમને ટેકો આપ્યો હોત? રામરામ કરો! અયોધ્યાનો રથ કાઢનારા કંઇ 'સેક્યુલર' ગણાય? તુરત લાલુપ્રસાદ કૂદી પડ્યા હોત, જેમ આજકાલ ભાવિ વડાપ્રધાન માટે નીતિશ કુમારે ''સેક્યુલરિઝમ'' નો બોદો છતાં ચલણી સિક્કો અજમાવ્યો છે!! તમને એમ નથી લાગતું કે આ તો 'ભેંશ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ' જેવો ઘાટ છે? રાજકારણમાં એવું જ હોય. જેની જરૂર ન લાગતી હોય તેનો શોરબકોર શરૂ કરી દેવાય અને જેની જરૂર હોય તે વિશે ચૂપ રહેવામાં આવે!

પ્રણવદાનું નસીબ હવે રાષ્ટ્રપતિ ભવનના મુઘલ ઉદ્યાનમાં ખીલશે... શું તેઓ પોતાનાં લાંબા રાજકીય જીવનમાં તીખાં - મીઠાં - ખટ્ટાં સંસ્મરણો લખશે? શું પોતે વડાપ્રધાન ના બની શક્યા કે ના બનવા દેવાયા તે મનનાં ખૂણે પડેલી વાત કોઈકવાર કોંગ્રેસ પક્ષે કાન પકડવા પડે તેવી ખૂબીથી તેનો અધિકાર જતાવશે?

કોણ જાણે!!

### શરમ, બે-શરમ!

હમણાં એક સાથે બે રાજીનામાં પડ્યા. બંને કેન્દ્ર સરકારના 'મોટા ગજાના' ગણાતા પ્રધાનોનાં હતા. આ બંને રાજીનામાંની રામકહાણી આપણાં જાહેર જીવનની તાસીરનો પૂરો પરિચય આપી જાય છે.

પહેલું રાજીનામું પ્રણવ મુખરજીનું છે. નાણાપ્રધાન તરીકે એ કેવાક સફળ થયા છે એ જાણવા માટે રામ જેઠમલાણી અને પી. સંગમાને જ પૂછવું પડે. રોજેરોજ વધતી મોંઘવારી એ આ બંગાળી બાબુની ભારતને યાદ રહી જાય તેવી ભેટ છે. હમણાં અનુજ ધર નામનાં પત્રકારે શોધખોળ કરીને એવું જણાવ્યું છે કે સુભાષચંદ્ર બોઝનાં મૃત્યુની તપાસને અંધારામાં ભૂસી નાખવાનું કામ પ્રણવ મુખરજીએ કહ્યું હતું!

પ્રણવદા રાષ્ટ્રપ્રમખ બનશે, તેનાથી દેશનું શું ભલું થશે? આવો સવાલ કોઈ સામાન્ય માણસ કરે તો વિદ્વાનોનાં ભવાં ઊંચા ચડી જશે! પણ વાસ્તવિકતા એવી છે કે આજની પરિસ્થિતિમાં કોઈ માણસ ઊંચામાં ઊંચા પદ પર પહોંચે તેમાં કોઈ વિશેષતા રહી નથી. બધે નાણાં, ખુશામતખોરી, પક્ષપાત, ગંદુ રાજકારણ જ ચાલે છે. તેને નજરમાં રાખવામાં આવે છે. નહીંતર એ.પી.જે. કલામ કે અઝીમ પ્રેમજીને કે નારાયણ મૂર્તિને સર્વાનુમતે પક્ષોએ રાષ્ટ્ર પ્રમુખ બનાવવાનું ડહાપણભર્યું કામ ના કર્યું હોત?

બીજું રાજીનામું તો તદન લજ્જાસ્પદ અને ધિક્કારપાત્ર છે. વીરભદ્રસિંહ હિમાચલ પ્રદેશના મુખ્યપ્રધાન રહી ચૂક્યા છે. હાલ કેન્દ્રમાં પ્રધાન હતા. લઘુ ઉદ્યોગનું ખાતું તો કેવું ચલાવ્યું તે રાણ જાણે પણ ભ્રષ્ટાચારનો લઘુ ઉદ્યોગ બરાબરનો કર્યો. હવે કહે છે કે, નૈતિક ધોરણ માટે રાજીનામું આપું છું! વાહ! ભ્રષ્ટાચાર વખતે ''નૈતિકતા'' ના નડી અને હવે... આવી બેશરમ ઘટના વિશે વધુ કંઇ કહેવાની જરૂર ખરી?

### આ અધ્યાપકો!!

હમણાં એક દિવસ સવારનાં પહોરમાં છાપાંઓમાં એક તસવીર અને અહેવાલો તમે જોયા હશે : અમદાવાદમાં પ્રોફેસરોનાં બે યુનિનો એક બીજાની સામે ટકરાયાં, કેટલાંકને લાફા પડ્યા, હાથાપાઈ થઈ, મારામારી કરતા અધ્યાપકો ભાગ્યા, ખુરશી અને માઈક માટે ખેંચતાણ થઈ અને ગાળાગાળી ચાલી.

કૉલેજો અને શાળાઓમાં મોટી આશા સાથે અભ્યાસમાં આગળ વધવા ઈચ્છતા વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ ચાલે છે ત્યારે જ તેમને વિદ્યાનું અર્પણ કરનારા અધ્યાપકો શું કહી રહ્યાં છે તેનો અંદાજ આ અહેવાલો પૂરો પાડે છે.

ડૉકટર ભેળસેળ વાળી દવાથી દર્દીનો ગલત ઈલાજ કરે, એન્જિનિયર એવાં મકાનો બનાવો કે કડડભૂસ કરતાં તૂટી પડે, વકીલ પોતાના જ અસીલને ભરમાવે અને કોર્ટમાં વૅકેશન માટે હડતાળ પાડે, સ્મશાનમાં ઈલેકટ્રીકલ સાધનોથી શબ બાળતો સ્ટાફ અગ્નિસંસ્કારની ના પાડી દે... આ હાલત જે સમાજની થાય તેમાં ''પોતાની ફરજ અને કર્તવ્ય'' જેવાં વાક્યની શી દશા થાય?

આ અધ્યાપકોની દશા પણ હાસ્યાસ્પદ છે. વિદ્યાર્થીને તેના જીવન ઘડતરમાં કામ આવે અને તેને અભ્યાસ તરફ પ્રેરે એ જ તેની ફરજ છે. (કહો કે તેનો અધિકાર તેને બદલે તે પણ છે) સંગઠન અને પગાર, ઓછા કલાકોમાં વર્ગ, પરીક્ષાનો બહિષ્કાર જેવા વિષયો પર મેદાનમાં આવે તો તેને વાજબી ગણાય?

અત્યારે અધ્યાપકનો પગાર ૭૦ થી ૮૦ હજાર સુધીનો હોય છે. ૩૦ હજારથી ઓછો તો કોઈ જ કાયમી અધ્યાપકનો ના હોય. તેને બોનસમાં લાંબુ વેકેશન મળે છે. રોજના ૩-૪ વર્ગ લઈને તે છૂટી જાય છે, ઘણી જગાએ રહેવાના મકાન મળે છે, એલટીસી તો ખરી જ.

આવી સુખસાહ્યબી, જે દેશનાં ૮૦ ટકા ગરીબો માંડ એક વાર પેટ ભરીને ભોજન મેળવી શકે છે ત્યાં ''સાહેબો'' મેળવે છે! એન તેઓ, બાથંબાથી કરે છે, મચ્છી બજારના દશ્યો પેદા કરે છે : વર્ગમાં જઈએ તેઓ શું ભણાવશે? કેવું ભણાવશે? અરે, 'ગુરૂ' બનવું તો મોટી વાત થઈ, સારા સારા શિક્ષક તો બનો!!

### ગુજરાત અને ગણતરી

ગુજરાત, ગુજરાતી, ગુજરાતીઝમ : નજરે ચડે તેવું સૂત્ર છે જરૂર , પણ પછી ગણતરી (ગુજરાતી હોવું અને ગણતરી ના આવડે, એવું બને? મધ્યયુગનો ફ્રેન્ચ પ્રવાસી તો તો આશ્ચર્યવત્ લખી ચૂક્યો હતો કે દુનિયાના ઘણા દેશોમાં ફર્યો છું. બસ, આ ગુજરાતમં બાળકો ભણવા બેસે ત્યારે વર્ણાક્ષરો - અ, બ, ક, ડ - ને બદલે આંક - એક, બે, ત્રણ, ચાર - થી પોતાનાં શિક્ષણની શરૂઆત કરે છે. તેને સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકારની જલદીથી આવડી જાય છે!)

કરવાનો પ્રયાસ કરીએં તો ત્રણે ઓળખને એકમાં જ સમેટી લેવાય તેવું છે : 'ગુજરાત' માં બાકીની બે બાબતો આવી જ જાય - ગુજરાતી ભાષાનાં બદલાતાં સ્વરૂપ અને ઉપયોગ, કે પછી 'ગુજરાતીઝમ'!

આ 'ગુજરાતીઝમ' એટલે? કમ્યુનિઝમ, કેપિટાલિઝમ, ગાંધીઝમ, હ્યુમેનિઝમ - એ તો જાણે કોઈ નિશ્ચિત વિચારને કેન્દ્રમાં રાખીને પ્રસરેલી વિચારધારાઓ છે. ગુજરાતને માટે તો તેઓ વાપીથી વેરાવળ અને દાહોદથી દ્વારિકાનો મુલક, તેની પેલી પાર દરિયા પારનાં સાહસો અને દેશવિદેશે સ્થળાંતરો... આમાંથી 'ગુજરાતીઝમ' સરજાયું છે એટલે અહીં ભૂગોળ પહેલાં આવે, પછી ઈતિહાસ અને સાહિત્ય! જરીક ઊંડાણથી તપાસીએં તો ગુજરાત અને ગ્રીસ - આ બેની વચ્ચે ઘણું ખરું સામ્ય છે. ગ્રીક પ્રજા પહેલેથી સાહસિક રહી, તેણે 'સ્પાર્ટન' શક્તિ ઊભી કરી, દેશની સીમા તોડી-છોડીને આગળ વધ્યા, વૈચારિક સંસ્કૃતિનું સર્જન કર્યું અને ગ્રીસ રાજનીતિએ ભારે ઉથલપાથલો સર્જી. જો ગ્રીસે એરિસ્ટોટલ અને સોક્રેટિસ આપ્યા તો ગુજરાતે સ્વામી દયાનંદ અને ગાંધીજી આપ્યા છે. અલેકઝાંડર ધ ગ્રેટ સિકંદરથી અંજાઈ જવાની જરૂર નથી. તેને માટે ય આવું જ નસીબ હતું -

જર સિકંદર ને કહા
મૈં હું ખૂદા,
વક્ત આને પર સભી
હોને લગે જૂદા!

આપણા કૃષ્ણે તો કુરૂક્ષેત્રમાં જ જીવનની આ ફિલસૂફી કહી દીધેલી - ભાઈ, મૃત્યુ તો જૂનાપુરાણાં વસ્ત્ર ત્યજવાની ઘટના છે. તેનો અફસોસ શો!

જન્મથી કબર સુધી ગુજરાતે પોતાની આગળી ગણતરી રાખી છે ને?

# જંગલ દવ પ્રાકૃતિક સંતુલન જાળવવા માટેનો એક કુદરતી ઇલાજ પણ મનાય છે

## વન્યસૃષ્ટિ પરિચય
## જંગલ દવનું રહસ્ય

- હેમંત સુથાર

જંગલ દવ એટલે કે જંગલની આગ શબ્દ સાંભળતાં ભય લાગે સાથે સાથે તેની ઝડપથી ફેલાઇ જવાની ખાસિયત તરફ ધ્યાન જાય. જંગલમાં આગ કઇ રીતે લાગે છે. તે જાણવું રસપ્રદ બને છે. ઘણીવાર રહસ્યમય પણ.

જંગલની આગ લાગવાથી માંડીને તેના ફેલાવા, નુકશાન અને લાભ વિષયનો અભ્યાસ વૈજ્ઞાનિકો કરતાં રહે છે. જંગલમાં આગ લાગે ત્યારે તેની જાણ દિવસ દરમિયાન લાગી હોય તો ઘણીવાર ખૂબ જ વિલંબથી થાય છે. રાત્રિ દરમિયાન જંગલની આગ સરળતાથી જોવાય છે. જંગલમાં ડુંગરો પરની આગ દૂરથી દેખાય છે. તેના ધૂમાડા પણ દૂર સુધી નજરે ચઢે છે.

જંગલની આગ ઓલવવાનું કાર્ય ખુબ જ કઠીન છે. તેનો ઓલવવા માટે અનુભવ તથા વિશેષ આવડત હોવી જરૂરી બને છે. આ માટેના સાધનો, વાહનો અને માનવ બળ ચોક્કસ પ્રકારના હોવા જરૂરી બને છે. જંગલ એટલે દુર્ગમ વિસ્તાર કે જયાં ઉબડ-ખાબડ, ડુંગરા રસ્તાઓ હોય છે. આગના સ્થળે વાહનની મદદથી પહોંચવું અસંભવ હોય છે. સાથે સાથે પવનનું જોર, આગની ગરમી તથા પાણીનો અભાવ આ કામને ક્યારેક ફક્ત કરવા પૂરતું કરવું પડે તેવી સ્થિતિમાં લાવી મુકે છે. ઘણું બધું ભગવાન ભરોસે જ થાય છે.

આ કારણે જંગલની આગ દિવસો સુધી ચાલે છે. આપણાં દેશમાં તો ઠીક છે પણ સાધન સંપન્ન છે તેવા દેશોમાં ખુબ જ મોટા વિસ્તારોમાં દિવસો સુધી ચાલતી જંગલની આગથી ખૂબ જ મોટું નુકશાન થાય છે. ઘણીવાર આવી આગ તેની જાતે જ ઓલવાઇ જતી હોય છે. તેની પાછળનું કારણ કશું બાકી રહેતું હોતું નથી, તે જ હોય છે.

જંગલ દવ પ્રાકૃતિક સંતુલન જાળવવા માટેનો એક કુદરતી ઇલાજ પણ મનાય છે. જંગલમાં કોઇ આગ લાગે છે ત્યારે તે માનવીય કારણોને લીધે કે કુદરતી ઘટનાને કારણે પણ હોય છે પરંતુ જંગલનો જે ભાગ બળીને ખાખ થઇ જાય છે ત્યાં થોડા સમયબાદ યોગ્ય વાતાવરણ મળતાં આખું જંગલ ફરીથી નવ સર્જન પામે છે. જંગલો સળગતાં હોય ત્યારે ઘણા પક્ષીઓ આગની જવાળાઓની આસપાસ ઉડાઉડ કરતાં નજરે પડે છે. આ પૈકીના મોટા ભાગના પક્ષીઓ કીટકાહારી હોય છે જે આગની ગરમી વધવાથી થતા ધૂમાડો થવાથી ઘાસ - વૃક્ષો - ઝાડીમાંથી સ્વ બચાવ માટે કીંટકો બહાર ઉડીને ભાગવાની કોશિષ કરે છે ત્યારે તેમને પકડવાની તકો વધી જવાથી કે મરેલા કીંટકો ખાવા મળવાથી ઉપસ્થિત હોય છે.

જંગલ દવ લાગે ત્યારે પેદા થતો ધૂમાડો બે પ્રકારના સંયોજનો ધરાવતો હોય છે. બ્યુટેનો લીડસ્ (Butenolids) પ્રકારના આ બે સંયોજનો જીવોને નિયમબધ્ધ કરવાવાળા અને ઉપયોગી હોય છે. જંગલની આગ બુઝાઇ જાય પછી જંગલની જમીન ખુલ્લી થઇ જાય છે અને આ આગમાં બચી ગયેલી વનસ્પતિના બીજ જંગલની જમીન પર ફેલાઇ ગયેલા હોય છે. તેવા બીજ થોડા સમયબાદ ઉગીને જંગલનું નવસર્જન કરવા માટે સંયોજનો બીજ ઉગીને સ્થાયી ન થાય ત્યાં સુધી બીજને ઉગવા માટે મદદરૂપ બને છે. આવા સમયે પુરતો ભેજ ન હોવા છતાં આ રસાયણોની મદદથી બીજનો ઉગાવો થયા કરે છે. પુરતો ભેજ મળવાની સાથે જ બીજ સ્થાયી રીતે ઉગવા લાગે છે અને બીજમાંથી છોડ તૈયાર થાય ત્યાં સુધી તે છોડની વૃદ્ધિ ઝડપી થાય તે માટે પણ રસાયણો ઉપયોગી બને છે. જે આગના કારણે વિનાશ સર્જાયો હતો તે જ આગના કારણે પેદા થયેલા રસાયણિક સંયોજનો જંગલના નવ સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

જંગલો જેમ જેમ જૂના થતાં જાય છે તેમ તેમ ત્યાંની વનસ્પતિઓ જેવી કે વૃક્ષો, વેલા, ઘાસ, ક્ષૃપ વગેરે પોતાનું કાયમી પ્રભુત્વ સ્થાપવાનું શરૂ કરે છે તેના કારણે જગ્યા, પોષક તત્ત્વો, હવા, પાણી વગેરેની હરિફાઇ ઉભી થાય છે. જેમાં વર્ષોથી પ્રસ્થાપિત જૂની વનસ્પતિનું પ્રભુત્વ સ્થપાઇ જાય છે અને નવી વનસ્પતિ ઉગવી કઠીન બને છે આ કારણે ઘણી વાર કેટલાક વિસ્તારોમાં એક જ પ્રકારની વનસ્પતિની વૃધ્ધિ (મોનો કલ્ચર) થયા કરે છે. આવું જંગલ ગીચ - ઘનઘોર થાયછે. ત્યાં જમીન સુધી સૂર્યપ્રકાશ પહોંચી શકતો નથી. આવી બંધિયાર સ્થિતિમાં પ્રાકૃતિક બદલાવ લાવવામાં જંગલની આગ એક ઇલાજ રૂપે કાર્ય કરે છે અને તેનાથી થયેલ વનસ્પતિ વિનાશ નવસર્જન માટે સમાન તકો પુરૂં પાડતો માહોલ ઉભો કરે છે. આ રીતે જંગલની આગ ઘણીવાર ઉપયોગી પણ બને છે.

તૃણાહારીઓને ટકી રહેવા માટે ઘાસની જરૂરિયાત સતત રહે છે. ઘાસિયા મેદાનો વૃક્ષાચ્છાદિત થઇ જાય તો તૃણાહારી પ્રાણીઓ માટે ખોરાકની અછત ઉભી થાય જંગલની કુદરતી આગને લીધે અથવા તો માનવો દ્વારા પદ્ધતિસરની વન્યજીવ વ્યવસ્થાપનના ભાગરૂપે લગાડેલી આગ ઘાસિયા મેદાનો માટે જીવનદાન રૂપ બને છે. આ કારણે મેદાનો માટે જીવનદાન રૂપ બને છે. આ કારણે ખોટો કચરો, બિન ઉપયોગી સળેલું, અખાદ્ય ઘાસ બળીને દૂર થાય છે અને નવી ઘાસની કૂપળો તેવા ખુલ્લા જમીનની ભાગોમાં ઉગી નીકળે છે. જે પ્રાણીઓ માટે ખુબ જ ઉપયોગી બને છે જે સંપૂર્ણ પોષણ કડીના પાયાથી શરૂઆત રૂપ ગણાય છે. આમ, આગ પણ એક ઉપયોગી મહત્ત્વનું હથિયાર ગણાય છે.

hmtsuthar@gmail.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧લી જૂલાઇ

● આજે ડો. વિદ્યાચંદ્ર રાયનો જન્મદિન ૧-૭-૧૮૮૨.

આ સેવાભાવી વ્યક્તિએ આઝાદી મળ્યા બાદ પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન પદને શોભાવ્યું. ગાંધીજીના અંગત તબીબ ડો. દેશબંધુ ચિત્તરંજનદાસના તેઓ શાગીર્દ હતા. કલકત્તાના વાઇસ ચાન્સલેર એવા શ્રી રાયનું અવસાન ૧૯૬૨માં થયું.

● હિન્દુ-મુસલમાનો



વચ્ચે ફાટી નીકળેલા કોમી રમખાણો (૧૯૪૬) માં મીઠી વીરડી સમાન ઘટના. વસંત-રજબનો શહિદદિન. વસંતરાય હેગિષ્ટ - રજબઅલી લાખાણી કોમી એખલાસ - ભાઇચારાનું પ્રતિક હતા. હિંદુ પરિવારને બચાવવા જતાં ૧-૭-૧૯૪૬ માં જમાલપુર - તાડની શેરી ખાતે શહિદી વહોરી.

● ૧૯૬૧માં ભારતીય તાર-ટપાલ ખાતામાં ગુજરાતની સર્કલની સ્થાપના થઇ. ૧૯૮૪માં ૧લી જુલાઇ રવિશંકર મહારાજની પુણ્યતિથિ.

# ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવા અંગેની સરળ સમજૂતી (N.A.)

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ગુજરાત સરકારના મહેસૂલી ઠરાવ ક્રમાંક બખપ/૧૦૦૬/૪૨૫/ક તા. ૧/૭/૦૮ ના રોજ ખેતીની જમીન બિન ખેતીમાં તબદીલ કરવા માટે ઠરાવ પસાર કરવામાં આવેલ છે. જેની સફળ સમજૂતી નીચે મુજબ છે.

બિનખેતીની અરજી સાથે અરજદારે જરૂરી પુરાવા જેવા કે, ૭ X ૧૨ ના ઉતારા, ૮ અનુ પત્રક, ૬નું હક્કપત્રક, નવી શરતની જમીન હોય તો જુની શરતમાં ફેરવવાના ઠરાવો, માપણીની નકલ, જમીન ઉપર બોજો હોય તો બોજા કમીની નકલ, નજીકના F ફોર્મ ગુડા/ઔડા, વિભાગનુ ઝોનીગ સર્ટીફીકેટ, D. L. R. ની માપણીશીટ. તેમજ બિનખેતીમાં ફેરવવા માટેના હેતુના પ્લાન.

દા. ત. પ્લોટ્સ, મકાન, ફ્લેટ, ગોડાઉન, ફાર્મહાઉસ, વિગેરના નકશાન નકલો, પ્રમાણીત કરી આર્કિટેક એન્જિનીયર જે માન્ય ડિગ્રી ધરાવતા હોય તોના સહી સીક્કાવાળી નકલો, ગુડા/ઔડા કે સક્ષમ અધિકારી દ્વારા પાસ થયેલા નકશા ની નકલો ગેરકાયદેસર બાંધકામ હોય તો ઇમ્પેક્ટ ફીની પહોંચ.

શહેરી વિસ્તારમાં G.D.C. R અને ઝોનીંગ નિયમોનુસાર બાંધકામ કરવું અગત્યનું હોય, આરોગ્ય તેમજ ગંદા પાણીના નિકાસની વ્યવસ્થા. પરકોલેટીંગ વોલ, કોમન પ્લોટ, ટ્રી પ્લાનટેશન, ડ્રેનેજ નકશા મંજુરી, પ્રમાણપત્રો વિગેરેની નકલો જોડી જિલ્લા કલેકટર અગર ગ્રામ વિસ્તારનો હોય તો ડી.ઓ. ને આજ નિયત પત્રકમાં કરવાનીં હોય છે.

અરજદારે અર્બન ડેવલોપમેન્ટ રૂલ્સ નીચે જે તે રચનાના પ્રકાર ધ્યાને લઇને રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચેનાં અંતર જાળવવું જોઇએ.

ઔધોગિક હેતુ માટે મંજુરી માગેલ હોય તો જિલ્લા ઉદ્યોગ અધિકારીની મંજુરી પત્ર તથા લઘુઉદ્યોગ નોંધણી સર્ટી મેળવ્યા બાદ જ N.A. ની કાર્યવાહી કરવામાં આવે છે.

ઓનલાઇન અરજી પણ કરી શકાય છે. તત્કાળ N.A. માટેની જોગવાઇ પૂર્ણ કરે છે તે રીતે પણ અરજી કરી શકાય છે. આવી અરજીઓ નિકાલ ૩૦ દિવસમાં સક્ષમ અધિકારી દ્વારા કરવામાં આવે છે.

જમીન ઉપરથી ગ્રીડ તાર પાવર લાઇન વિગેરે હાઇટેન્શન લાઇન થાંભલા વિગેરે આવેલા હોય ત્યારે તે લાગત નિયમનું પાલન કરેથી N.A. મંજૂર થાય છે.

રેલ્વે લાઇન, એરોડોમ વિગેરેની નજીક જમીન આવેલા હોય તો સક્ષમ અધિકારીનું N.O.C પ્રમાણપત્ર મેળવેથી અરજી મંજૂર થાય છે.

O.N.G.C. કૂવો, પેટ્રોપપંપ, ડિઝલપંપ, કેરોસીન C.N.G., L.P.G. પંપ નાખવા માટે બિનખેતી પરવાનગી ના કામે બાંધકામ શરૂ કરતા પહેલાં જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી પરવાનગી મેળવવા બાદ જ કાર્યવાહી થાય છે.

તે જ રીતે ઇન્ડિયન એક્સ્પોઝીવ એક્ટ અન્વયે મેગેનીઝ, ફાયરવર્ક્સ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલાં જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી મેળવવાની રહે છે.

બિનખેતીની પરવાનગી સંબંધિત જમીન જો જિલ્લા કારાગાર (જેલ) થી નજીક હોયતો ૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવું તે રીતે મંજૂરી આપવામાં આવે છે.

રેલ્વે નજીક હોય તો ૩૦મી જગ્યા છોડી બાંધકામ કરવા માટે મંજુરી આપવામાં આવે છે.

પ્રાચીન સ્મારકની નજીક જમીન હોય તો ૧૦૦ મીટર છોડી N.A. પરવાનગી આપવામાં આવે છે.

વનની નજીક અગર તો વાઇલ્ડ લાઇફ પ્રોટેક્શન એક્ટ અન્વયે નજીકની જમીન હોય તો વનસંરક્ષણની પરવાનગી જરૂરી છે. તેજ રીતે રાષ્ટ્રીય અભિયારણ્ય ઉપવન ની નજીકના વિસ્તાર માટે 'વન્યજીવન સંરક્ષણ અધિનિયમ - ૧૯૭૨ ની જોગવાઇનું પાલન કરવું જરૂરી છે.'

જો અરજદાર ઉપરોક્ત જણાવેલ શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો સરકાર દ્વારા શરત ભંગની કાર્યવાહી અલગથી કરવામાં આવે છે.